વનશ્રી ટ્રસ્ટે ખેલાડીઓને ચકલી માળા અને પર્યાવરણલક્ષી સાહિત્ય વહેંચ્યું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં પર્યાવરણની જાળવણી માટે વનશ્રી ટ્રસ્ટ દ્વારા અનેક કાર્યક્રમો વર્ષે-દહાડે યોજાય છે ત્યારે નગરમાં તાજેતરમાં વનશ્રી ટ્રસ્ટે ડૉ. આંબેડકર કપ-ક્રિકેટ ટુર્નામેન્ટની ફ્રેન્ડલી મેચના ખેલાડીઓને ચકલીને રહેવા માટેના માળા અને ખેલાડીઓને પર્યાવરણલક્ષી સાહિત્ય વહેંચ્યું હતું.

જીવનશિલ્પ સંદેશ દ્વારા તાજેતરમાં ડૉ. આંબેડકર કપ-૨૦૧૩નું ગાંધીનગરમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત પત્રકારો અને કોર્પોરેટરોની ફ્રેન્ડલી મેચ યોજવામાં આવી હતી. મેચના ખેલાડીઓને વનશ્રી ટ્રસ્ટ દ્વારા ચકલીમાળા અને પર્યાવરણલક્ષી સાહિત્ય આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાવીર નિમાવત, રવિરાજ સોલંકી, અંજના નિમાવત અને આયોજન શૈલેશ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતીય બનો સંસ્થા દ્વારા ધર્મસભાનું આયોજન

ગાંધીનગર, તા. ૩

ભારતીય બનો સંસ્થા દ્વારા સર્વધર્મ સમભાવના અને કોમી એકતા તથા દેશપ્રેમને ઉજાગર કરવા મહેસાણા જિલ્લાના કડી ગામે આજે ધર્મસભા યોજાશે.

ઉત્તર ગુજરાતના કડી ગામે કોલેજ કંપાઉન્ડ, હાઈવે ચાર રસ્તા ખાતે આજે તા. ૪ થી જૂન ૨૦૧૩ને મંગળવારે સવારે ૯ કલાકે કોમી એકતા તથા સર્વ ધર્મ સભા યોજાશે.

સિ.સિ.કા.ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૩

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરની તાજેતરમાં બેઠક મળી હતી. જૂની અને નવી કાર્યવાહક મંડળ તથા ટ્રસ્ટી મંડળની બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

સિ.સિ.કા.ના વર્ષ ૨૦૧૩-૨૦૧૫ના નવા હોદ્દેદારમાં પ્રમુખ તરીકે ભાનુપ્રસાદ પુરાણી, ઉપપ્રમુખ તરીકે હસમુખભાઈ શાહ, મંત્રી તરીકે મહેન્દ્રભાઈ શાહ, ખજાનચી તરીકે હરજીવનભાઈ પંચાલ, સહમંત્રી તરીકે ભૂપેન્દ્રભાઈ શાહ, અજીતસિંહ ભટ્ટી, કારોબારી સભ્ય તરીકે સોમાભાઈ પરમાર, હરેશભાઈ ભટ્ટ, રમેશભાઈ મહેતા, દશરથભાઈ પરમાર, રમેશભાઈ મહેતા અને ટ્રસ્ટી મંડળમાં જીવણભાઈ શાહ, વિષ્ણુભાઈ વ્યાસ, કનુભાઈ શાહ, હરજીવનભાઈ પંચાલ, જયંતિલાલ મેવાડા, રસિકભાઈ ગાંધી અને સરોજબેન દેસાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

દહેગામ ટાઉન પોલીસ ચોકી સામે એસ.ટી. ચાલક દ્વારા અલ્ટોકારને ધડાકાભેર ઠોકી

દહેગામ, તા. ૨૩

દહેગામ ટાઉન પોલીસ ચોકી સામે જ બબ્બે બનાવ બન્યા અને જે અલ્ટો કારના બનાવ બનેલ. આગળના દિવસે ટાઉન પોલીસ ચોકી સામે અલ્ટો કારમાં આગ લાગી અને બીજા દિવસે ટાઉન પોલીસ ચોકી સામે જ માર્ગ પર જતી અલ્ટો કારને પાછળથી એસ.ટી. બસ જી.જે.૧૮-વાય-૭૦ના બસચાલક દ્વારા આગળ જતી અલ્ટોકારના ચાલક દ્વારા બ્રેક મારતાં પાછળ આવતી અમદાવાદ-તલોદના બસ ડ્રાયવર દ્વારા અલ્ટોકારને ધડાકા સાથે ઠોકી હતી. પરંતુ અંદર બેઠેલા કોઈને ઈજા પહોંચી ન હતી. જ્યારે બસના મુસાફરો એકદમ દરવાજો ખોલી ગભરાઈને નીચે ઉતરી આવ્યા હતા. સળંગ બે દિવસના સમયગાળા દરમિયાન એક જ સમયે એકજ જગ્યાએ બે બનાવ બનતા જાહેર જનતાના મુખે એવું ચર્ચાતું હતું કે ચોકી પર મોટો યજ્ઞ કરાવવો જોઈએ. નહિતર ટુંકા સમયગાળામાં આ સ્થળે કોઈ મોટો બનાવ બને તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. બનાવ સમયે એક પણ પોલીસ કર્મી સ્થળ પર હાજર ન હોવાથી જાહેર જનતા તરહ-તરહની વાતો કરતી હતી.

નિર્માણભવનના ઈજનેરનું ચાલુ કારે હૃદયરોગના હુમલામાં મોત

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના નિર્માણ ભવન ખાતે ઈજનેર તરીકે નોકરી કરતા એક ૫૨ વર્ષીય અધિકારીનું પોતાની કારમાં જ બેઠા બેઠા અચાનક હૃદયરોગના હુમલામાં મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરના સચિવાલય ગેટ નં. ૪ની સામેના ભાગે આવેલ નિર્માણભવનમાં ઈજનેર તરીકે ફરજ બજાવતા અને અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ૫૨ વર્ષીય અભય અનંતરામ શાહ પોતાની ફ્રન્ટી કાર નં. જીજે-૧૮-એએ-૮૪૫૩ લઈ નિર્માણભવનની બહાર માર્ગ પર નિકળ્યા હતા. દરમિયાન થોડા આગળ જતા જ તેમને હૃદયરોગનો હુમલો આવતા તેમનું મોત નિપજ્યું હતું.

માર્ગમાં ગાડીનું એન્જીન ચાલુ હાલતમાં હતું. અને આ કાર ચાલક મૃત હાલતમાં હોવાથી આસપાસના રાહદારીઓએ તેની તપાસ કરી તેમના ભત્રીજાને જાણ કરી હતી. આથી તેમના પરિવારજનો તેમને પોતાના ઘરે લઈ ગયા હતા. આ અંગે સેક્ટર-૭ પોલીસે તપાસ ચલાવી રહી છે.

ચિલોડા વિસ્તારમાં લગ્નસરાની મોસમ હજુ પુરબહાર

મોડા રાત્રે વરઘોડા અને ફુલેકાની જમાવટ ઢોલી મન મુકી નાચી રહ્યો છે

ચિલોડા, તા. ૩

છેલ્લા ત્રણ-ચાર માસથી લગ્નોત્સવ ધૂમધામ ઉજવાઈ રહ્યો છે. જેમાં

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

લગ્નસરાની મોસમ હજુ પુરબહાર ખીલી ઉઠી છે. સહેજ પણ વિરામ બાદ ઠેર ઠેર જાનૈયાઓ લકઝરી બસો, ખાનગી વાહનો તથા બેન્ડવાજા સહિત લગ્નસરાની મોજ માણી રહ્યા છે. જેમાં હાલમાં વધુ લગ્નોના માહોલમાં અખાત્રીજ ગયા બાદ લગ્નોની સંખ્યા વધુ જોવા મળે છે. પરિણામે ચિલોડા પંથકમાં મોડી રાત્રે વરઘોડા અને ફુલેકાનો મહિમા વધુ રહ્યો છે. જેમાં ક્ષત્રિય સમાજમાં લગ્નપ્રથામાં વરઘોડા અને ફુલેકાનું આગવું આકર્ષણ જોવા મળે છે. જેમાં ચિલોડા ગામમાં મોડી રાત્રે એક ફૂલેકામાં ઢોલી પોતાની ઢોલના ઈશારે નાચીને પોતે ઢોલના ડંડાના તાલે ઝુમી જાનૈયા દ્વારા નવી-નવી નોટો ઉછાળતા ઢોલીડો પોતાના મોં વડે સહેજ પણ અટક્યા વિના મન મુકી નાચી રૂપિયાની નોટ મેળવવા તલપાપડ મહેનત કરી રહ્યો છે. જ્યારે લગ્ન ઉત્સવપ્રિય લોકો રૂપિયાની નોટો ઉછાળી લગ્નમહોત્સવમાં આનંદવિભોર બની રહ્યા છે.

આગના પગલે અફડાતફડી : સેકટર-૧૬ બેંક રોડ ઉપર યુકો બેંકમાં સીપીયુમાં શોર્ટ સર્કીટના લીધે નાનકડી આગ લાગતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. સેકટર-૧૬ના બેંક વિસ્તારમાં આગના સમાચાર પ્રસરતાં ટોળેટોળા બેંક પર પહોંચ્યા હતા. જો કે ફાયરબ્રિગેડે સમયસર પહોંચી આગ ઓલવી નાંખી હતી. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર જિલ્લામાં ૨,૪૨,૩૭૬ પશુઓનું રસીકરણ અને ૫,૫૮૧ પશુઓનું કૃત્રિમ બીજદાન કરાયું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ તા.૧૪ થી ૩૧મી મે-૨૦૧૩ના દરમ્યાન યોજાયો હતો. આ કાર્યક્રમનો -રંભ ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલની ઉપસ્થિતિમાં તા. ૧૪મી મે, ૨૦૧૩ના રોજ કલોલ તાલુકાના ડિંગુચા ગામ ખાતેથી થયો હતો. કૃષિ મહોત્સવનો પુર્ણાહુતિ સમારંભ તા. ૩૧મી મે, ૨૦૧૩ ના રોજ ગાંદ્યીનગર તાલુકાના આલમપુર ગામ ખાતે રાજયના મુખ્ય સચિવ શ્રી વરેશ સિંહાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કૃષિ મહોત્સવ અંતર્ગત જિલ્લાના ચાર તાલુકાના ૧૦૨ ગામોની કિસાનરથે મુલાકાત લીધી હતી. કૃષિ મહોત્સવ અંતર્ગત કુલ ૩,૬૧૨ લાભાર્થીઓને કૃષિ અને પશુપાલનની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. પશુ આરોગ્ય મેળામાં કુલ- ૨,૪૨,૩૭૬ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. ૫,૫૮૧ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે. તેમજ કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન કૃષિક્ષેત્રે લોકજાગૃતિ કેળવાય તેવા ૨૪૫૧ ભીતસૂત્રો લખવામાં આવ્યા છે.

કૃષિ મહોત્સવ- ૨૦૧૩ અંતર્ગત દહેગામ તાલુકામાં કૃષિ-૬૭૫, અને પશુપાલનની- ૪૮૦, ગાંદ્યીનગર તાલુકામાં કૃષિની-૪૯૭, અને પશુપાલનની-૩૮૦, કલોલ તાલુકામાં કૃષિ-૪૯૮, અને પશુપાલનની-૩૨૪ તથા માણસા તાલુકામાં કૃષિ-૪૦૮, અને પશુપાલનની-૩૨૪ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંદ્યીનગર,કલોલ અને માણસા તાલુકામાં કુલ-૪૫૮૧ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ નવા સોઈલના કુલ-૧૪૬૫ નમુના લેવામાં આવ્યા છે.તે ઉપરાંત કલોલ તાલુકામાં ૩૨, દહેગામ તાલુકામાં ૫ અને માણસા તાલુકામાં ૬૭૩ મળીને કુલ-૭૧૦ કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે.

પશુ આરોગ્ય મેળામાં દહેગામ તાલુકામાં ૯૧,૭૦૯, ગાંદ્યીનગર તાલુકામાં ૬૨,૫૧૮, કલોલ તાલુકામાં ૪૮,૭૭૦ અને માણસામાં ૩૯,૩૭૯ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ દહેગામ તાલુકામાં ૧૦૯૦, ગાંદ્યીનગર તાલુકામાં ૧૭૫૦, કલોલ તાલુકામાં ૧૦૧૧ અને માણસામાં ૧૭૩૦ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત કૃષિ મહોત્સવ અંતર્ગત દહેગામ તાલુકામાં ૯૭૭, ગાંદ્યીનગર તાલુકામાં ૬૮૩, કલોલ તાલુકામાં ૨૪૦ અને માણસામાં ૫૫૧ લોક જાગૃતિ કેળવાય તે માટે ભીત સૂત્રો લખવામાં આવ્યા છે. ૭૩ ગામોમાં ગામ શુશોભન અને ૭૩ ગામોમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ૫૮ ગામોમાં ડાયરો, લોકગીત અને ભવાઈ જેવા પરંપરાગત કાર્યક્રમો થકી લોકજાગૃતિ કેળવવામાં આવી છે.

ચાર તાલુકાના વિવિધ ગામોમાં કિસાન રથની મુલાકાત દરમ્યાન તજજ્ઞો દ્વારા ૨૯, ૧૭૫ ખેડૂતોને કૃષિ અને પશુપાલન સંલગ્ન માહિતી આપવામાં આવ હતી. તે સિવાય ૧૮૭૦ ખેડૂતોને વ્યક્તિગત સમજ આપવામાં આવી છે. ૯૪ ખેડૂતોને ટેકનિકલ સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું છે. એ.પી.એમ.સી દ્વારા ૩૧૧૯ માર્કેટીગ પધ્ધતિ વિષયની સમજ આપવામાં આવી છે.

સેકટર-૨માં સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

૨૦૦થી વધારે વસાહતીઓએ સર્વ રોગ નિદાન કેમ્પનો લાભ લીધો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતે સેકટર-૨માં સર્વરોગ નિદાન કેમ્પ યોજાઈ ગયો. આ કેમ્પનું આયોજન અર્બન હેલ્થ સેન્ટર સેકટર-૨, સેકટર-૨ વસાહતમંડળ તથા આરોગ્ય વિભાગ મહાનગરપાલિકા દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું સેકટર-૨ની સરકારી પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાના કમીશનર લલિતભાઈ પાડલીયા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશીષભાઈ દવે, સેકટર-૨ના કોર્પોરેટર રમીલાબેન પરમાર, સેકટર-૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખ તથા આરોગ્ય વિભાગના ડૉ. દિનેશભાઈ બારોટ હાજર રહ્યા હતા.

અર્બન હેલ્થ સેન્ટર સેકટ-૨નો સમગ્ર સ્ટાફ, મેડીકલ ઓફીસર ડૉ. કૌશલબેન, બાળરોગ નિષ્ણાંત ડૉ. અનીલભાઈ વેદ, ચામડી રોગના નિષ્ણાંત ડૉ. મિતેષભાઈ શાહ, આંખના નંબરોની તપાસ ડૉ. સુનીલભાઈ જોષી અને રમેશ પરમાર, ડૉ. હેમાબેન જોષી, ડૉ. વિરલ લુહાર, ડૉ. મેહુલ સરવૈયા ડાયાબીટીસ તપાસ માટે જલ્પાબેન પટેલ, નીતાબેન પટેલ સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતાં.

કાળઝાળ ગરમીમાં પણ ૨૦૦ દર્દીઓએ આ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. ૧૦૦ જેટલા દર્દીઓએ ડાયાબીટીસ ચેક અપ કરાવ્યો હતો જેમાંથી ૩૨ દર્દીઓમાં ડાયાબીટીસ જણાયો હતો.

આ કેમ્પને સફળ કરવા માટે સેકટર-૨ના વસાહતી મંડળના અગ્રણીઓ રાજેન્દ્ર પારેખ, ડી.પી. સોંઘાણી, નિરંજનભાઈ ઓઝા, રસીકભાઈ ગાંધી, જીતુભાઈ પુરોહિત, હસમુખભાઈ ઠાકર, ભાનુભાઈ દવે, મંગળદાસ ચૌહાણ તેમજ અર્બન હેલ્થ સેન્ટર સે-૨ના તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. દિનેશ બારોટે કર્યું હતું.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા વિસ્તારમાં દર વર્ષે વરસાદી પાણીથી અનેક સમસ્યા સર્જાય છે. જેમાં ધણપ-મુઠિયા વાયા ચિલોડાના મુખ્ય પ્રવેશ દ્વારથી નીકળતી કાંસ દ્વારા વરસાદી પાણીનો નિકાલ માટેની વ્યવસ્થા કરેલ છે. પરંતુ ચિલોડા-દહેગામ રોડ નજીક પસાર થતી આ કાંસ દ્વારા પ્રાંતિજ તાલુકાના ગામો અને ચિલોડા ગામના આજુબાજુના ગામોનું વરસાદી પાણી ઘણીવાર ભારે વરસાદ થતાં અનેક મુશ્કેલીમાં મુકાય છે. પરિણામે દર વર્ષે કાંસ વિભાગ દ્વારા કાંસમાં ઉગેલા ઝાંડા-ઝાંખરા અને નડતરરૂપ માટીનું પુરાણ દૂર કરવા તંત્ર દ્વારા હાલમાં જે.સી.બી. મશીન દ્વારા પુરજોશમાં કામગીરી આરંભાઈ રહી છે. પરિણામે ચિલોડા ગામે આવતું અન્ય ગામોનું વધુ પાણી સરળતાથી વહી જાય અને કોઈ આફત ન સર્જાય તેવું આયોજનરૂપે કામ ચાલી રહ્યું છે. પરિણામે તળાવના કાંઠે વસતા ૭૦ પરિવારો માટે સુખદ અને રાહત અનુભવશે તેવા એંધાણો વર્તાઈ રહ્યા છે. આ ઉપરાંત આ કાંસ ઉપર દહેગામના ગરનાળાથી થોડે દૂર ગુડા દ્વારા રોડના કામકાજ અર્થે ગરનાળુ બનાવ્યા વિના બારોબાર કાંસ પર માર્ગ બનાવતા ચોમાસુ પાણીનો અટકાવ થાય તો ગામમાં મુશ્કેલી સર્જાય તેવા એંધાણો વર્તાઈ રહ્યા છે. આ અંગે કાંસ વિભાગ દ્વારા તથા સ્થાનિક સત્તાવાહકોએ સજાગતા દર્શાવી છે. પરંતુ ચોમાસાનું આગમન હવે ઢુંકડુ રહ્યું છે ત્યારે કાંસમાં માર્ગ બનાવતા પાણીના નિકાલનો પ્રશ્ન અતિ ગંભીર રૂપ ધારણ કરે તેવી ચિંતા નાગરિકો દ્વારા વારંવાર સૂચનો અને રજૂઆત થઈ રહી છે. પણ તંત્ર ક્યારે જાગશે ? તેવું આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે તેવું તંત્રનું વલણ દર્શાઈ રહ્યું લાગે છે.

સેક્ટર-૭માં વડીલે ખીસ્સાખાતરૂ બાળકને મેથીપાક ચખાડ્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સેક્ટર-૭ શોપીંગ સેન્ટરમાંથી ખિસ્સાખાતરૂ બાળક પકડાયો હતો. થોડો મેથીપાક ચખાડ્યા બાદ ટોળાએ બાળકને જવા દીધો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સેક્ટર-૭ ખાતે આવેલ શોપીંગ સેન્ટરમાં સાંજના સમયે એક બાળક ખિસ્સા કાતરતા રંગેહાથ ઝડપાયો હતો. દુકાનમાં પોતાના જરૂરી સામાન ખરીદી કરતા વડીલના પાકીટની ઉઠાંતરી કરતા એક હિંદીભાષી બાળકને સિનિયર સિટીઝને ઝડપી લીધો હતો. ત્યારબાદ તેને થોડો મેથીપાક આપી પાઠ શીખવાડ્યો હતો. અજાણ્યા બાળક હિંદી ભાષા બોલતો હતો. ટોળુ વળી જતા બાળકને વધુ માર પડશે તેથી વડીલે તેને બોધપાઠ આપીને જવા દીધો હતો.

ગાંધીનગરનું કંગાળ પરિણામ

ગાંધીનગર, તા.૩

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શાળાનું ધોરણ-૧૨નું વ્યવસાયલક્ષી પ્રવાહ ઉચ્ચ બુનિયાદી પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું સમગ્ર બોર્ડનું પરિણામ આજે ૬૬.૫૧ ટકા જાહેર થયું છે. સામાન્ય પ્રવાહનાં ૬૬.૪૩ પરિણામની સામે ગુજરાતના પાટનગર એવા ગાંધીનગર કેન્દ્રનું પરિણામ ૫૦.૦૨ આવતા સમગ્ર કેન્દ્રમાં ઘેરી નિરાશાની લહેર ફરી વળી છે.

રાજયના ૨૬ જિલ્લાઓમાં પરિણામમાં ગાંધીનગર જિલ્લો ૧૯મા ક્રમમાં આવ્યો છે. કેન્દ્રના ૪૪૭૩ વિદ્યાર્થીઓ રજીસ્ટર થયા હતા તેમાંથી ૪૪૪૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, નોંધનીય બાબત એ રહી છે કે, સમગ્ર જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં પાસ થયો નથી. ગાંધીનગર જિલ્લાના ૧૨૯૩૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા જેનું ૫૯.૭૬ ટકા પરિણામ આવ્યું છે. એ-૧માં ૦ ટકા, એ-૨માં ૬૭ વિદ્યાર્થી લેખે ૦.૫૧ ટકા, બી-૧માં ૬૬૭ વિદ્યાર્થી લેખે ૫.૧૫ ટકા, બી-૨માં ૧૮૯૯ વિદ્યાર્થી લેખે ૧૪.૬૮ ટકા, સી-૧માં ૨૭૨૧ વિદ્યાર્થી લેખે ૨૧.૦૪ ટકા, સી-૨માં ૧૩૮૨ વિદ્યાર્થી લેખે ૧૦.૬૮ ટકા અને ડી ગ્રેડમાં ૯૯૨ વિદ્યાર્થી લેખે ૭.૬૭ ટકા પરિણામ આવ્યું છે.

કોમર્સ શાળાના શિક્ષક દશરથભાઈ તેમજ કડી કેમ્પસની શાળાના તજજ્ઞોએ ગાંધીનગર કેન્દ્રનું પરિણામ ઓછું આવવાનું મુખ્ય કારણ અંગ્રેજી અને એકાઉન્ટ વિષયનું લેન્ધી પેપર નિકળ્યું તે તથા પરીક્ષા કેન્દ્રમાં ચોરી કયાંય કરવા દેવામાં આવી નથી તે જણાવ્યું હતું. ખાસ તો એકાઉન્ટમાં વાર્ષિક હિસાબનાં દાખલાં ફેરવીને પૂછાયા હતા. પરિણામે વિદ્યાર્થીઓ ગુંચવાઈ ગયા હતા. રેન્કર વિદ્યાર્થીઓ પણ અંગ્રેજી જેવા વિષયમાં નાપાસ થયાના ગાંધીનગર કેન્દ્રમાં દાખલા મળી આવ્યા છે. અન્ય જિલ્લાઓ કરતાં ગાંધીનગરનું તટસ્થ પરિણામ આવ્યું હોવાનું તેમણે ઉમેર્યું છે.

શાળાના શિક્ષકો અને તજજ્ઞો સાથે વાત કરતા એમ પણ જાણવા મળ્યું છે કે, સમગ્ર જિલ્લાનું અને ખાસ કરીને ગાંધીનગર કેન્દ્રનું પરિણામ ઓછું આવવાનું મુખ્ય કારણ હોંશિયાર વિદ્યાર્થીઓનું વિજ્ઞાન પ્રવાહમાં જવું તે છે. વિદ્યાર્થીઓ આર્ટસ તથા કોમર્સ લાઈન ખૂબ સહેલી છે તેમાં પાસ થવું સહેલું છે તેથી વર્ષાન્તે કે પરીક્ષા સમયે વાંચીશું તો ચાલશે તેવી મનોગ્રંથી ધરાવે છે. નગરની મોટા ભાગની શાળાના શિક્ષકો દ્વારા આર્ટસ અને કોમર્સનો અભ્યાસક્રમ નિયત સમય કરતા વહેલો પતાવી દેવાયો હતો. વિજ્ઞાન પ્રવાહમાં પરીક્ષા સુધી જેમ તૈયારી કરાવાય છે તેમ વિદ્યાર્થીઓ આર્ટસ કે કોમર્સ વિષયની તૈયારી માટે શાળામાં નિયમિત આવતા નથી તે કારણ પણ જવાબદાર ગણે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯

સૂર્યાસ્ત : ૭.૦૮

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.

લઘુત્તમ : ૩૦.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

યે જવાની હૈ દિવાની : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦

: સ્ક્રીન-૨ :

યે જવાની હૈ દિવાની : ૧૧.૩૫, ૨.૫૦, ૬.૦૫, ૯.૨૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૮.૨૦

યે જવાની હૈ દિવાની : ૧૦.૫૦, ૨.૦૫, ૫.૨૦, ૮.૩૫

: સ્ક્રીન-૪ :

યે જવાની હૈ દિવાની : ૯.૨૦, ૧૨.૩૫, ૭.૨૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૩.૫૦, ૧૦.૨૦

સૂર્યા, વાવોલ

યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ૫ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જવાની દિવાની : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

જવાની દિવાની : ૧.૦૦

: સ્ક્રીન-૩ :

આશિકી-૨ : ૧૦.૧૫

જિંદગી ૫૦-૫૦ : ૧.૦૦

જવાની દિવાની : ૧.૦૦

જવાની દીવાની : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ચિરાગ, કલોલ

યે જવાની હૈ દિવાની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : શુભ સમાચાર પ્રાપ્ત થશે. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દેઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહમાં ઘટાડો થઈ શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : પ્રિય વ્યક્તિથી ભેટ પ્રાપ્ત થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કાર્યોમાં ઉન્નતિ થશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. કોઈ વ્યક્તિગત સમસ્યા ઉભી થઈ શકે છે.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. શત્રુઓથી હાની થવાની આશંકા છે. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવું.

ધન : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થઈ શકે છે. સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : વ્યાપારીક વર્ગથી લાભ થવાની સંભાવના છે. ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

કુંભ : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે. ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.